## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*પાપ-પુણ્ય જેવું કંઇ નથી, બીક નો પહેરો છે!*
*તીર્થ-મૂર્તિ જેવું કંઇ નથી કાલ્પનિક ચહેરો છે,*
*વેરો છે પોતાના પસ્તાવાનો પરોપકારી કામો -*
*કહેવાય છે ભલે કરૂણાનિધિ, સાવ બહેરો છે.*
*(૮૩ વર્ષ પછી - લાધેલું જ્ઞાન)*

### હાઈકુ

*છે 'અવકાશ'*
*સ્વચ્છ-નિર્મળ-શાંત,*
*શૂન્યાવકાશ...*
*(પરમ શાંતિની પ્રાપ્તિ)*

*રહેજો દૂર*
*દંભ-દ્વંદ્વ ડખાથી*
*મળશે શાંતિ...*
*(તાટસ્થ્ય - વિવેક)*

### ચિંતન

**માસાદિ ભૌમં યથાશબ્દમિતરયોશ્ચ ॥**

**ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત પદાવલિમાંથી લેવામાં આવેલ છે.**

**પરમાત્માએ તત્ત્વોના મિશ્રમથી જગતની રચના કરી તો કયા તત્વથી કયો પદાર્થ પેદા થયો? એનો વિભાગ કેવી રીતે જાણી શકાય ? એ પ્રશ્નના પ્રત્યુત્તરમાં કહે છે કે, પૃથ્વી રુપ અન્નનાં કાર્ય માંસ, મળ તથા મન છે. તેવી રીતે ઉપનિષદના એ પ્રકરણમાં જે તત્વનાં જે કાર્ય કહી બતાવ્યા છે તે તત્વનાં તે જ કાર્ય સમજવાં જોઈએ. પાણીનું કાર્ય મૂત્ર, રક્ત તથા પ્રાણ અને તેજનું કાર્ય હાડકાં, મજ્જા તથા વાણી છે.**

**આ શરીર પંચમહાભૂતથી બન્યું છે. પૃથ્વી-ધરતી-માટી, અગ્નિ, વાયુ, જળ અને તે જ પ્રકાશ - આ બધાં તત્ત્વો શરીરના સંચાલક છે અને એ જ આત્માના કાર્યના સહાયભૂત છે આ શરીરનું વિસર્જન થતાં એ પાંચ તત્ત્વો વિખૂટા પડી જાય છે અને આત્મા અલગ પડી ક્રમ પ્રમાણે યોનીમાં પ્રવૃત્ત થાય છે.**

### સુવિચાર

- જહાં હિમ્મત સમાપ્ત હોતી હૈ, વહીં હાર કી શરુઆત હોતી હૈ - **ઈકબાલ પટેલ**
- જિંદગીના અનુભવે સમજાયું કે તમારામાં સંચાલનની આવડત જોઈએ, બાકી ભણેલા તો ભાડે મળે છે - **સ્ટીવન કોવી**
- નફરતનું પોતાનું કોઈ અસ્તિત્વ જ નથી, એ તો પ્રેમની ગેરહાજરીનું પરિણામ છે - **ઓશો**
- આપણી મર્યાદાનું ભાન હોવું એ સૌથી વધારે ઉપયોગી જ્ઞાન છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જયાં સુધી વ્યક્તિના સદ્‌ગુણો આપણને નડતા નથી ત્યાં સુધી જ તે વ્યક્તિ આપણને ગમે છે - **હંસલ ભચેચ**
- અન્યના હૃદયનું તાળું જો ન ખુલી શકતું હોય તો શક્ય છે કે આપણે ખોટી ચાવીથી મથીએ છીએ - **ચંદ્રકાન્ત બક્ષી**
- આજનું ઔષધ : એક ગ્રામ મરીનું ચૂર્ણ ઘીમાં મેળવી બે વાર ખાવાથી તથા શીળસ પર લેપ કરવાથી તરત ફેર પડે છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ચીનના એક ખ્યાતનામ સંત હતા. તેઓ અભયને ઉપલબ્ધ થઈ ગયા હતા. મતલબ કે તેઓ કદી ભયભીત ન થતા. જે અભયને ઉપલબ્ધ થાય છે તે યુવાન ચિત્ત પામી લે છે અને આવા યુવાન ચિત્તથી સત્ય અને પરમાત્માની નજીક સદૈવ જીવતા રહે છે. એક યુવાન સન્યાસી તેમને મળવા ગાઢ જંગલમાં ગયો. જંગલમાં વાઘ, સિંહ, હાથીની હાજરી હતી. સિંહની ગર્જના વારેવારે સંભળાતી હતી. પાગલ હાથી વૃક્ષોને ઉખેડી નાખતા હતા. સંત રહેતા હતા તે ટેકરી પર પણ સાથ-અજગરના દર હતા. પણ આ બધાની વચ્ચે અભય સંત પોતાની સાધના ચાલુ રાખી હત્યા હતા. યુવાને સંત સાથે વાત કરી ત્યાં એક ઝેરી સર્પ યુવાનની નજીકથી પસાર થયો. યુવાન ઉભો થઈને સંતની પાછળ છુપાઈ ગયો. સંતે કહ્યું, 'તું ડરે છે? તું તો સન્યાસી છે.' યુવાને કહ્યું, 'મને થોડું પાણી આપો.' સંત ઊભા થયા. તરત સંત જયાં બેઠા હતા તે પત્થર પર બુદ્ધનું નામ લખ્યું. 'નમો બુદ્ધ' (મતલબ હું બુદ્ધને નમું છું) સંતે પાણી આપ્યું અને જેવા બેસવા ગયા. અને બેઠક પર 'નમો બુદ્ધ' વાંચ્યું. સંતના પગ ધ્રુજી ગયા. તેઓ બેઠક પરથી નીચે પરથી નીચે ઊતરી ગયા. પેલો યુવાન હસવા લાગ્યો તેણે પૂછ્યું, 'આપ અભય થઈને ડરો છો? આપના અને મારા ડરમાં કોઈ ફરક નથી. હું એક સાપથી ડરી ગયો. જે ઘણું વાસ્તવિક હતું અને મેં નમો બુદ્ધ લખ્યું એમાં તમને ડર લાગ્યો કે ભગવાનના નામ પર પગ ન પડી જાય.' કોણ વધારે કર્યું ? યુવાને કહ્યું, 'આપ નિર્ભર જરૂર છો પણ હજી તમે અભયને ઉપલબ્ધ નથી.' સંતને યુવાન સન્યાસીની વાત સરળતાથી સમજાઈ.

# ચૂંટણીઓમાં પાર્ટીઓ પોત પ્રકાશી રહી છે

**તંત્રીસ્થાનેથી...**

મહાનગર પાલિકાઓ અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણી અગાઉ કયારેક નહોતી એટલી મોંઘી અને કડવી બની રહી છે. સંસદ અને ધારાસભ્યની ચૂંટણીની સરખામણીમાં આ ચૂંટણીઓનો મહિમા હરહંમેશ ઓછો રહેતો આવ્યો છે, કારણ કે આ સંસ્થાઓના વહીવટમાં છેવટે તો રાજય સરકારનો જ હાથ ઉપર રહેતો હોય છે. રાજય સરકારનાં મુખ્ય સચિવ ઝાઝી દખલ અંદાજી નથી કરી શકતા જયારે મહાનગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતોમાં સરકારનો હસ્તક્ષેપ અધિકારીઓના માધ્યમથી રહ્યા કરતો હોય છે. તાલુકા વિકાસ અધિકારી, જિલ્લા વિકાસ અધિકારી, મામલતદાર, કલેકટર કે કમિશનરની સત્તાઓ સામે સ્થાનિક સ્વરાજના ચૂંટાયેલા પદાધિકારીઓને મૌન બની જવું પડતું હોવાના દાખલા વારંવાર જોવા મળતા રહે છે. તેમ છતાં, આ પ્રમાણમાં ઓછી સત્તાવાળી જગ્યાઓ હસ્તગત કરવા રાજકીય પાર્ટીઓ અને ઉમેદવારો આકાશપાતાળ એક કરી મૂકતા હોય છે. ખાસ તો ઓછી સંખ્યાવાળા મતદારમંડળોમાં એકેએક ઘરના મત મહત્ત્વના બની જતા હોય છે. એ અંકે કરવા મોટી મોટી જાહેર સભાઓ કરવાને બદલે ડોર ટુ ડોર પ્રચાર વધુ અસરકારક નીવડે છે. સભાઓ જરૂર યોજાય છે પરંતુ એમાં બહુ મોટા નેતાઓ ભાગ લેતા નથી. આ ચૂંટણીઓ રાજયસ્તરે રાજયકક્ષાના આગેવાનોની બોલબાલા રહ્યા કરે છે. એમના નાના મોટા મતભેદો પણ ઊછળતા રહે છે. પોતાના વફાદારોને ટિકિટ અપાવવા સ્થાનિક નેતાઓ એડી ચોટીનું જોર લગાવે છે. એમાં વળી ટિકિટ નહીં મેળવી શકનાર ટિકિક વાંચ્છુઓનો બળાપો બહુ જ બોલકો બની શાલીનતાની તમામ સીમાઓ વળોટી જતો હોય એવા પ્રસંગે પણ બનતા રહે છે. મહિલાઓ માટે પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીએ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં ૩૩ ટકા અનામત બેઠકોનો કાયદો પસાર કરી લોકપ્રિયતા હાંસલ કરી હતી. ગુજરાતનાં પૂર્વ મુખ્યમંત્રીએ એ અનામત ૫૦ ટકા સુધી પહોંચાડી દીધી. વળી મેયર વગેરે હોદ્દાઓ પણ અડધી ટર્મ સુધી મર્યાદિત કરી વધુ કાર્યકરોને તક મળે એવી વ્યવસ્થા અમલી બનાવાઈ. મહિલાઓ માટે મેયર પદ, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત કે ગ્રામ પંચાયતના પ્રમુખ કે સરપંચનાં પદ પણ અનુસૂચિત જાતિ-જનજાતિ અને અન્ય પછાત વર્ગોની જેમ અનામત કરાયા. આથી દેખીતી રીતે મહિલાઓ રાજકારણમાં વધુ રસ લેતી થઈ છે. પરંતુ સાથે ટિકિટ વહેંચવામાં પાર્લામેન્ટરી બોર્ડમાં પુરુષોનું આધિપત્ય હોઈ વહાલાં-દવાલાંવાળી પણ થતી રહી છે. કેટલીક મહિલાઓએ વરિષ્ઠ બુઝર્ગ નેતાઓ સામે અભદ્ર અને ભીભત્સ આક્ષેપો કર્યા છે તો વળી ધારાસભ્ય કક્ષાના આગેવાનો વિરુદ્ધ મહિલાઓના જાતીય શોષણના આક્ષેપો - પ્રતિ આક્ષેપો થતા રહ્યા છે. લોકસભા કે વિધાનસભાની ચૂંટણીમાં સામાન્ય રીતે પાર્ટીની અંદરના મતભેદ જેટલા બહાર નથી આવતા એટલા આ ચૂંટણીઓમાં બહાર આવે છે. એમ જ લાગે કે કોઈ રાજકીય પાર્ટીમાં શિસ્ત જેવું કશું બચ્યું જ નથી. મધુ શ્રીવાસ્તવથી લઈ છોટુભાઈ વસાવા જેવા બળૂકા આગેવાનો મનમાની કરતા રહે છે અને જિલ્લા સ્તરના અસંતુષ્ટ સિનિયર આગેવાનો એમની અવગણનાના પગલે રાજીનામાં આપતા રહે છે. કોંગ્રેસના ધારાસભ્ય હિંમતસિંહ પટેલ ગોમતીપુરની ચૂંટણીસભા સંબોધવા પહોંચે છે અને મંચ પર એક અણગમતા કોંગ્રેસી આગેવાનને જુએ છે ત્યારે એમને મંચ પરથી ઊતરવા મજબૂર કરે છે. કોઈ પણ સામાન્ય કક્ષાના માણસ કરતાં પણ નેતાઓ વધુ નીચા સ્તરે ઊતરી શકે છે એનું આ વરવું ઉદાહરણ છે. નેતાઓએ એમની ગરિમા ગુમાવી છે અને કાર્યકર્તાઓ જાણે ટિકિટ એ જ એમના જીવનનું અંતિમ લક્ષ્ય હોય એણ રઘવાયા થઈ પોતાની જ પાર્ટીમાં ચાલતા વહાલાદવલાની રાજરમત અને કૌભાંડોની પોલ ખોલી રહ્યા છે. રાજકારણ પ્રત્યે કયારેક ઊંચો અભિપ્રાય ધરાવતી નવી પેઢી પણ આ બધી બાબતો કેવી નકારાત્મક અસર સરજી રહી છે એ તો કોઈ વિચારતું જ નથી ! સબ કો સન્મતિ દે ભગવાન !

# પત્ની પાસેથી નાણાં લેવા એ છેતરપીંડી નથી

**કાયદો અને કાનૂન**

અશ્વિન ત્રિવેદી

પતિ પોતાની પત્ની પાસેથી નાણાંની માંગણી કરે તો તે ઈન્ડીયન પીનલ કોડની કલમ : ૪૯૭(એ) મુજબ પતિએ પત્ની સાથે છેપરપીંડી કરી છે તેમ કહી શકાય નહીં. નાગપુરની ખંડપીઠે આ ચુકાદો આપતા પતિનો દહેજ ઉત્પીડનના કેસમાં નિર્દોષ છુટકારો કરતો ચુકાદો આપેલ છે. જેનાથી ઘણાં બધા કેસમાં પતિઓને રાહત મળશે.

કેસની વિગત જોતા પ્રશાંત જરે ના ૧૯૯૫માં લગ્ન થયેલ. ત્યારબાદ પતિ-પત્ની વચ્ચેના ઝઘડામાં ૨૦૧૨માં પત્નીએ આત્મહત્યા કરેલ અને કારણમાં જણાવેલ કે, પત્નીનાં વિવાહમાંથી કરિયાવર ના મળવાના કારણે સાસરીના લોકોએ ત્રાસ આપતા પોતાની પુત્રીએ આપઘાત કરેલ છે. તેમ જણાવી દહેજ પ્રતિબંધીત ધારાની કલમ : ૪૯૮(ક) મુજબ પતિ વિરૂધ્ધ કેસ દાખલ કરેલ. સેસન્સ કોર્ટે પતિને આઈ.પી.સી. ની કલમ : ૩૦૬ હેઠળ આત્મહત્યા માટે પ્રેરિત કરવા કલમ : ૪૯૮(એ), સાસરાના લોકોનું ક્રુરતાથી વર્તવા અંગે દોષી જાહેર કરી, પહેલા ગુના માટે ૩ વર્ષ અને બીજા ગુના માટે ૧ વર્ષની જેલની સજા ફરમાવતા પતિ દ્વારા નાગપુર હાઈકોર્ટમાં અપીલ ગુજારેલ. જેનો ચુકાદો આપતા ખંડપીઠે પતિને તથા પત્નીના સાસરીયાઓને કલમ : ૪૯૮(એ) અન્વયે નિર્દોષ જાહેર કરતા જણાવ્યું કે, પતિના પત્ની પાસેથી નાણાં માંગવા એ છેતરપીંડી નથી. ઝઘડો રૂપિયા માટે થતા હતા અને પત્નીની મારપીટ કરવામાં આવતી હતી આ પુરાવો માની રકાય પરંતુ જો પત્ની પાસે રૂપિયાની માંગણી કરવી એ ગેરવર્તનની અસ્પષ્ટ નિશાની છે. આ કેસમાં અન્ય કોઈપણ વિગત ન હોવા છતાં ઉપયોગ કરવામાં આવ્યો છે. તેથી આઈ.પી.સી. કલમ : ૪૯૮(એ) અનુસાર પતિએ પત્નીને છેતરપીંડી કરી છે તે માનવું યોગ્ય જણાતું નથી. આરોપીને પત્નીને છોડી દેવા કરતા સાથે રહેવામાં વધારે રસ હતો એટલે જ વારંવાર ઝઘડા થવા છતાં પતિ પત્નીને પિયરથી પોતાના ઘરે તેડી આવતો હતો અને પત્ની આવવાની ના પાડે તો લગ્ન ટકાવવા માટે ધારા ધોરણની નોટિસ પણ મોકલતો હતો. તેમજ પત્નીની આત્મહત્યા પછી પતિ જ તેને હોસ્પીટલ લઈ ગયો હતો અને અંતિમ સંસ્કાર માટે તેનો મૃતદેહ સસરાએ આપવાની ના પાડી હતી તેમ પણ પુરવાર થયેલ છે.

બીજી તરફ અરજદારના વકીલે દલીલ કરતા જણાવ્યું કે, પતિએ પત્નીને મારઝુડ કરીને ઝેરી દવા પીવડાવી હતી તે નાની પુત્રીએ જોયું હતું અને આ બાબતે નાની પુત્રીએ પોલીસમાં ઝુબાની પણ આપેલ છે. પોલીસે આ પ્રકરણમાં હત્યા નહી પણ આત્મહત્યા હોવાનું નોંધ્યું છે.

તમામ પક્ષાની દલીલો જોતા અરજદારએ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે કે, પતિએ પત્ની સાથે છેતરપીંડી કરેલ છે. હાઈકોર્ટ પત્નીની આત્મહત્યાના આરોપમાંથી પતિ અને તેના કુંટુંબીજનોને નિર્દોષ છુટકારો કર્યો હતો. લગ્નના ૮ વર્ષ પછી પત્નીએ પારિવાહીક ઝઘડામાં આત્મહત્યા કર્યા હોવાનું અનુમાન કરી શકાય છે, પરંતુ તેનાથી એ સાબિત થતું નથી કે પત્ની ઉપર સાસરીયા દ્વારા દહેજ ઉત્પીડન કરવામાં આવતું હતું અને પતિ દ્વારા પત્નીને છેતરવામાં આવતી હતી. ઘરના કામકાજમાં પત્ની સાથે રૂપિયાની માંગણી કરવી એ છેતરપીંડી નથી. એવું કોર્ટ અનુમાન કરી આઈ.પી.સી.ની કલમ : ૪૯૮(એ) તથા ૩૦૬ ના ગુનામાંથી પતિ તથા તેના ઘરના સર્વેને નિર્દોષ છૂટકારો આપતો ચુકાદો નામ. કોર્ટે ફરમાવેલ છે. આ ચુકાદાથી દહેજ સંબંધીત ખોટા કેસો પતિ ઉપર પત્ની દ્વારા કરેલ છે. તેમને ચોક્કસ ફાયદો થાય તેમ છે. ભારતમાં દહેજ સંબંધીત મોટા ભાગના કેસો ખોટા હોવાનું પુરવાર થયું છે. મહિલાઓને કાયદા દ્વારા આપેલ ઢાલનો ઉપયોગ માત્ર હથિયાર તરીકે કર્યા હોવાનું સાબિત થયેલ છે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
info@trivediassociates.in

# દરેક વ્યક્તિને પોતાની પ્રસન્નતા શોધવાનો, જીવવાનો, જાળવી રાખવાનો હક મળવો જ જોઈએ

**WhatsApp ઑફ ધી વીક**

નેહલ ગઢવી

**"પ્રેમને કાળનાં બંધન મહીં ફસતાં જોયો !**
**એક પર્વતને અમે ખીણમાં ધસતાં જોયો!"**
**- 'શૂન્ય' પાલનપુરી**

'પ્રેમ' વિષે ઘણું લખાયું, જીવાયું, ઝીલાયું અને અનુભવાયું છે ! છતાં જયારે આ પ્રકારની લાગણી આપણા પોતાનામાંથી પસાર થાય ત્યારે આ કોઈ જ બાબતોના અનુભવો કામ લાગતા નથી કે યાદ પણ આવતા નથી. પ્રેમ અને લગ્ન એ આમ એકબીજાથી સાવ જુદા હોય છે. આજકાલ નાના-મોટા, ગરીબ-તવંગર, મોર્ડન-ઓર્થોડોક્સ કોઈ પણને સંબંધમાં, પોતાના કામમાં, પોતાની પસંદગી-રુચિને વ્યક્ત કરવામાં એમ દરેક બાબતમાં એક Spece એક મોકળાશ જોઈએ છીએ. પ્રેમને પણ એવી મોકળાશ જરૂરી છે. વધુ પડતો પ્રેમ, વધુ પડતી કાળજી કયારેક પ્રેમ અને લાગણીના પુષ્પને ગૂંગળાવી નાખે છે. પ્રેમ એ વિશ્વની સૌથી અદ્‌ભૂત અનુભૂતિ છે અને આવા પ્રેમને જો મોકળાશ મળે, વિસ્તરવા માટેની પૂરતી સગવડ મળે તો તેનું સ્વરુપ, તે વ્યક્તિ અને તેની આસપાસ રહેલું સઘળું સુંદર રીતે ખીલી ઊઠે છે, મધમઘી ઊઠે છે.



કોઈ પણ વ્યક્તિના જીવનમાં જન્મથી લઈને મૃત્યુપર્યંત અનેક સંબંધો પ્રવેશે છે પરંતુ આ તમામ સંબંધોમાં સૌથી વધુ અગત્યનો અને સુંદર સંબંધ છે પતિ-પત્નીનો! આજના સમયમાં લિવ-ઈન રીલેશનશીપ્સ જયારે વધુ પસંદગી પામે છે ત્યારે લગ્નબંધનમાં જોડાઈને આજીવન તેને ટકાવી રાખનારા અને જાળવી શકનારા વ્યક્તિઓને વધુ ક્ષમાશીલ, વધુ ઉદાર મતવાદી અને વધુ ગ્રાહ્ય બનવું પડે છે. મિત્રોથી શરૂ કરીને, પ્રેમી પાત્ર, ત્યારબાદ સાથે રહેવાનું નક્કી કરવું, આજીવન સાથ નિભાવવાના વાયદા અને આખીયે સફર અત્યંત રસપ્રદ અને રોમાંચક રહે છે પણ ખરી શરૂઆત ત્યારબાદ જ થાય છે અને મોટાભાગના લોકો તેને અંત સમજીને તેના પ્રત્યે બેદરકાર બની બેસે છે અને માટે સંબંધને ખોઈ બેસે છે. જે સંબંધ જીવનમાં સૌથી વધુ મહત્ત્વનો અને જીવનને સૌથી વધુ રંગોથી સજાવી દેનારો હોય તે જ જયારે મૂર્ઝાઈ રહ્યો હોય ત્યારે એ આઘાતને જીરવવો, પચાવવો અને તેમાંથી બહાર આવીને ત્યાં સુધી તેને સહન કરવો એ પણ એક ખૂબ મહત્ત્વની બાબત છે.

આપણે ત્યાં મા-બાપ, વડીલો, સગા-સંબંધીઓ કે સમાજ પરીક્ષામાં નાપાસ થઈએ તો શું કરવું એ વિષે મુકત મને સલાહ આપતા હોય છે. પરંતુ, પ્રેમની નિષ્ફળતા, લગ્નજીવનની નિષ્ફળતા કે break up જેવી સમસ્યા વિષે વાત કરતા શરમાય છે, અચકાય છે. અને આવા સમયે વ્યક્તિ પોતે પોતાની આ સૌથી અઘરી અવસ્થામાં જાત સાથે કઈ રીતે વર્તવું અને અન્ય સાથે આ બાબતે કઈ વાત કરવી, શું વાત કરવી એ અંગે સતત દ્વિધામાં જ રહે છે. લગ્નરૂપી બંધન ખૂબ સુંદર છે, આપણે ત્યાં તો માત્ર આ જન્મ પૂરતું જ નહીં પણ ભવોભવ માટે એક જ બંધનમાં જોડાવાની પરંપરા ચાલી આવતી હોવા છતાં આજે સમાજ રચનામાં લગ્નજીવન અને લગ્નસંસ્થાના પાયા ઘણા હચમચી ગયા છે. છૂટાછેટાનું પ્રમાણ ખૂબ વધ્યું છે. એકબીજાને સમજવાની, સહી લેવાની અને જતુ કરવાની વૃત્તિ ઉત્તરોત્તર ઘટી રહી છે. ત્યારે આવા સંજોગોમાં આ સુંદર લગ્નસંસ્થાને જાળવવાના પ્રયાસો તો કરવા જ રહ્યા પણ આ તબક્કે એથીયે વધુ અગત્યની બાબત છે આપણા સંતાનોને આ નિષ્ફળ સંબંધને સ્વીકારવા શીખે. આપણા સંતાનો જ નહિ આપણે પણ આવું કંઈક બને તો તેને સ્વીકારતા થઈએ અને જીવનમાં આગળ વધી શકીએ તો સમાજરચનાને વધુ સુદૃઢ અને સમજણયુક્ત બનાવી શકાશે.

પ્રસન્ન દાંપત્યજીવન એ દરેકનું સ્વપ્ન હોય છે અને એ માટે પોતાનાથી થાય તે તમામ પ્રયત્નો આપણે કરવા જ જોઈએ પરંતુ, એ સંબંધમાં બધું જ હોય માત્ર પ્રસન્નતા ન હોય તો તેનો ભાર વેંઢારવાની મૂર્ખામી કરવા જેવી નથી. દરેક વ્યક્તિને પોતાની પ્રસન્નતા શોધવાનો, જીવવાનો અને જાળવી રાખવાનો હક મળવો જ જોઈએ. સમયસર આ પ્રકારના બંધનમાંથી મુક્ત થઈ શકાય તો આજીવન 'બેફામ' કહે છે તેવી અવસ્થામાં જીવવાની જરૂર ન રહે :

'કોણ જાણે હતી કેવી વર્ષોજૂની જિંદગીમાં અસર એક તન્હાઈની ?

કોઈએ જયાં અમસ્તુ પૂછ્યું : 'કેમ છો ?' અને આખી કહાની સુનાણી દીધી...

જોઈને રણ ઉપરનાં સૂકાં ઝાંઝવાં, અમને આવી ગઈ કંઈ દયા એટલી;

કે નદીઓ હતી જેટલી અંતરે, આંખ વાટે બધીયે વહાવી દીધી.

જીવતાં જે ભરોસો હતો ઈશ પર, એ મર્યા બાદ 'બેફામ', સાચો પડ્યો;

જાત મારી ભલેને તરાવી નહીં, લાશ મારી પરંતુ તરાવી દીધી.'

સંબંધોનું સાયુજ્ય આપણા આ જીવનને સુંદર મહેકાવી દે. આજીવન જીવનનો આ બાગ મઘમઘતો રહે, પ્રસન્નતાની છોળો સદાય ઘરમાં વહેતી રહે અને કયારેક દુઃખના વાદળ આવી જાય તો પણ સમજણપૂર્વક સાથે મળીને તેને અવગણીને ફરી ઘરમાં, અંગત સંબંધોમાં આનંદ અને પ્રસન્નતા કઈ રીતે લાવી શકાય એ જો શીખી જઈએ તો લગ્નસંસ્થાને હજુ આવનારી અનેક પેઢીઓ સુધી અકબંધ રાખી શકીશું.

Last Seen :

**'તારી મ્હેકથી સુવાસિત મારા હૃદયના સૌ કક્ષ,**
**શું મારું-તારું, હાર-જીત મારા શબ્દ-કોષે આપણો જ પક્ષ,**
**અસ્થિર જળ' ને ત્રાજવે સંધાને દેખું**
**બસ પક્ષીની અક્ષ,**
**ચાહે કંઇ હો જીવનમાં, આપણું સાયુજ્ય હો એક જ લક્ષ.'**
**- 'સ્માર્ત'**


nehalgadhavi101@gmail.com

# આને કહેવાય સાચો પ્રેમ : વાત પૂર્વ કેન્સરગ્રસ્ત અર્ચન ત્રિવેદીના પ્રેમમાં પાગલ જિગીષાબહેનની

**નવી સવાર**

રમેશ તન્ના

આખી દુનિયા જાણે છે કે હોનહાર અભિનેતા, ગાયક, દિગ્દર્શક, લેખક અને સાચુકલા માણસ એવા અર્ચન ત્રિવેદીએ પોતાના શરીરમાં ઘૂસેલાં ત્રણ ત્રણ કેન્સરને ધોબીપછાડ આપીને જીવનને અંકે કર્યું. એ કશ્મકશની લડતમાં કેન્સર હાર્યું હતું અને કળાકાર જીત્યો હતો.



એ કથા સાથે અદબભેર ઊભી રહે તેવી પ્રેમકથા તેમનાં જ જીવનસાથી, હાસ્યલેખિકા અને અભિનેત્રી જિગીષાબહેન ત્રિવેદીની છે.

મજા પડે એવી પ્રેમ કથા છે. પ્રેમ કોને કહેવાય અને પ્રેમ કેવો હોય તેના જવાબો અહીં મળે છે. અર્ચન ત્રિવેદી દર્પણ એકેડેમીમાં કામ કરતા હતા. એક વખત તેઓ નાટકનો વર્કશોપ લેતા હતા. તેમાં ૩૩ વિદ્યાર્થીઓ હતા. એક વખત મલ્લિકા સારાભાઈએ તેમને કહ્યું, પીંક કલરનો ડ્રેસ પહેરેલી છોકરી તારા પ્રેમમાં છે. પ્રેમ તો કદી છાનો રહેતો નથી. જિગીષાબહેને તો સામેથી અર્ચનભાઈને કહ્યું કે તમે મને પસંદ છો અને હું તમારી સાથે વાત કરવા માગું છું. વારંવારની ભારે આનાકાની પછી એક મિત્રના કહેવાથી અર્ચનભાઈ માત્ર મળવા માટે તૈયાર થયા. એ મધુર મિલન સમર્થેશ્વર મહાદેવના પવિત્ર સાંનિધ્યમાં ગોઠવાયું. અર્ચનભાઈએ જિગીષાબહેનને, પોતાના પ્રેમમાં કેમ ના પડાય તેનાં પાંચ કારણો કહ્યાં.

જોકે જિગીષાબહેન પાસે પાંચે પાંચના એવા જવાબો હતા કે અર્ચન ત્રિવેદી પાસે પ્રેમ અને લગ્ન માટે હા પાડવા સિવાય બીજો કોઈ વિકલ્પ બચ્યો જ નહોતો.

૧. અર્ચભાઈએ કહ્યું કે મને ૧૯૯૧માં કેન્સર ડિટેક્ટ થયું હતું. એ કેન્સર ગમે ત્યારે ઊથલો મારી શકે. જવાબ : કેન્સર તો લગ્ન થયા પછી પણ થઈ શક્યું હોત.

૨. હું સાડા છ વર્ષ સુધી એક છોકરીના પ્રેમમાં હતો. કોઈ નાની વાતમાં પણ મારાથી તારી તેની સાથે સરખામણી થઈ જશે. તને એ નહીં ગમે.

જવાબ રૂપે સવાલ : શું એ છોકરીને તમે આજે પણ પ્રેમ કરો છો ?

અર્ચનભાઈનો જવાબ : ના.

જિગીષાબહેનનો જવાબ : તો પછી મને કોઈ વાંધો નથી. લોકો તો રેખા અને માધુરીને પણ પ્રેમ કરે છે તેથી કાંઈ લગ્ન અટકી ના જાય.

૩. અર્ચનભાઈએ કહ્યું કે હું ક્રિએટીવ ફિલ્ડમાં કામ કરું છું. મારાથી સારું કામ કરતો કોઈ કલાકાર આવે તો મારી નોકરી સામે જોખમ ખરું.

જિગીષાબહેને હસીને કહ્યું કે આપણે બન્ને ભણેલાં છીએ. કમાઈ લઈશું.

હવે આવ્યો ચોથો પ્રશ્ન.

અર્ચનભાઈએ કહ્યું કે હું પોળમાં રહું છું. ઘરે ગાયના પોદળા ઓળંગીને જવું પડશે.

જિગીષાબહેને કહ્યું કે તમને ફાવ્યું, મને પણ ફાવશે. કોઈ ગાય વગાડે નહીં તેનું પણ હું ધ્યાન રાખીશ.

એ પછી અર્ચને કહ્યું કે દરેક છોકરીના મનમાં એમ હોય છે કે તે પોતાના પતિની પાછળ વાહન પર બેસીને ફરે. મને એક પણ વાહન ચલાવતાં આવડતું નથી.

જવાબ આપતાં જિગીષાબહેને કહ્યું કે મને બધાં જ વાહનો આવડે છે. જો તમને વાંધો ના હોય તો તમે મારી પાછળ બેસજો.

સમર્થેશ્વર મહાદેવના બાંકડાથી લગ્નના માંડવા સુધીની સફર પણ રસપ્રદ રહી. એ પછી તો ચોથી ફેબ્રુઆરી, ૨૦૦૨ના રોજ તેમણે લગ્ન કર્યું. એ પછી તો તેમના ત્યાં પુત્રીરત્ન, નામે બુલબુલનું આગમન થયું.

આજે તો તેમના લગ્નજીવનને ૧૯ વર્ષ પૂર્ણ થયાં છે. જિગીષાબહેન પોતે સજ્જ લેખિકા છે. જિગીષાબહેન એક બહાદુર યુવતિ ગણાય. તે એક સાચાં પ્રિયતમા ગણાય. કેન્સરગ્રસ્ત અને આર્થિક ઉપાર્જનની ભારે અનિશ્ચિતતા ધરાવતા યુવકને પરણવામાં અનેક જોખમો જ હતાં. વળી, તેમનો પોતાનો પરિવાર પ્રતિષ્ઠિત હતો, તેમને સારો વર ના મળવાનું એક પણ કારણ નહોતું. જોકે આ બધાની ધરાર ઉપેક્ષા કરીને તેઓ અર્ચનભાઈ સાથે પરણ્યાં. એક દીકરીની માતા બન્યાં. જિગીષાબહેન અને અર્ચનભાઈનું દામ્પત્ય મઘમઘતું અને પ્રેરક છે. અનેક પડકારો વચ્ચે બન્નેએ એકબીજાને ખૂબ જ સાચવ્યાં છે. આર્થિક કે ભૌતિક સંકળામણોએ તેમના પ્રેમને એકપણ ઘોબો પડવા દીધો નથી. બન્નેએ પરસ્પરનો પ્રેમ સાચવ્યો છે અને સમાજ સાથે વહેંચ્યો પણ છે. આ યુગલ એકબીજાને વરવા ઉપરાંત સમાજને પણ વર્યું છે.